# જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ

## સીધી ભરતી અંગેની જાહેરાત - ૨૦૨૩

નં.મ.ન.પા.જુ./એડીએમ/મહેકમ/સીધી-ભરતી/૯૪૦/૨૦૨૩ તા.૨૧/૧૧/૨૦૨૩

જુનાગઢ મહાનગરપાલિકાની મંજુર થયેલ સેટઅપ પૈકીની નીચે જણાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નિયત નમુનામાં જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ દ્વારા માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://junagadhmunicipal.org/ વેબસાઇટ પર તા.૨૫/૧૧/૨૦૨૩, ૧૪-૦૦ કલાક થી તા.૧૫/૧૨/૨૦૨૩, રાત્રીના ૨૩-૫૯ કલાક સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| જા. ક્રમાંક | જગ્યાનું નામ | ભરવાપાત્ર કુલ જગ્યા | બિન અનામત | | સા.શૈ.પ.વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જનજાતિ | | આ.ન.વ. | | માજી સૈનિક | દિવ્યાંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | | |
| ૧ | સ્ટેશન ફાયર ઓફિસર, વર્ગ-3 | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | સબ ફાયર ઓફિસર, વર્ગ-3 | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ડ્રાઇવર કમ પંપ ઓપરેટર(ફાયર), વર્ગ-3 | ૭ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | ફાયરમેન, વર્ગ-૪ | ૧૪ | ૬ | ૨ | ૨ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| | કુલ - | ૨૪ | ૧૨ | ૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૪ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ |

શરતો: -

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલથી કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફકત ઓનલાઇનં અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગારધોરણ તેમજ અન્ય માહિતીઓ જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ https://junagadhmunicipal.org/ પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી તા.૧૫/૧૨/૨૦૨૩, ૨૩-૫૯ કલાક સુધીમાં ઓનલાઇન ભરપાઇ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ નામંજુર ગણવામાં આવશે. (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે પસંદગી સમિતિ દ્વારા જરૂર જણાયે મેરિટ આધારીત શોર્ટ લિસ્ટેડ થયેલ ઉમેદવારોને જ ફકત પ્રથમ તબક્કે ફિઝીકલ ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં બોલાવવામાં આવશે. (૫) સરકારશ્રીના નિતિ નિયમો અનુસાર અનામત કક્ષાના ઉમેદવારોને ઉમરમાં છુટછાટ આપવામાં આવશે. (૬) સરકારશ્રીના નીતિ નિયમોનુસાર SC, ST, SEBC, મહિલા અનામત, દિવ્યાંગ, માજી સૈનિક, E.W.S. વિગેરે માટે જગ્યાઓ અનામત રાખવામાં આવશે. તથા માજી સૈનિક તથા દિવ્યાંગ માટેની જગ્યાઓ જે-તે કેટેગરીમાં સમાવેશ કરવામાં આવશે. (૭) વધુ વિગતો માટે જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ https://junagadhmunicipal.org/ પરથી જાણકારી મેળવી લેવી. (૮) આ ભરતી પ્રક્રિયા બાબતે કમિશનરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ જે નિર્ણય કરે તે આખરી અને દરેકને બંધનકર્તા રહેશે.

નોંધ: - ઉપરોકત જા.ક્રમાંક: ૨ થી ૪ ની કેડરોમાં દિવ્યાંગતામાંથી મુક્તિ મળવા સરકારશ્રીમાં કરેલ દરખાસ્ત અન્વયે સરકારશ્રીમાંથી જે નિર્ણય આવે તે નિર્ણયને આધિન રહીને આગળની પ્રક્રિયા કરવામાં આવશે. જેની નોંધ તમામ ઉમેદવારોએ લેવાની રહેશે. ફોર્મ ભરવાના સંદર્ભમાં ઉમેદવારો માટેના હેલ્પલાઇન નં.8929013101

ઇ-મેલ- હેલ્પલાઇન: support@registernow.in રહેશે.

તા.૨૧/૧૧/૨૦૨૩

સ્થળ: - જુનાગઢ

- સહી -

મ્યુનિસિપલ કમિશનર

મહાનગરપાલિકા, જુનાગઢ

રા.

મહેકમ અધિકારી

મહાનગરપાલિકા, જુનાગઢ